સંદેશ, પાના નંબર :- ૧૮

તારીખ :- 03 / ૧૦ / ૨૦૨૫

### કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ પહેલાં યજમાન શહેરમાં તૈયારીનો ધમધમાટ

# મેટ્રો પિલર્સ-બ્રિજ નીચે ૧૩ કિ.મી.માં ૧૦ વર્ષની જાળવણીની શરતે ગાર્ડન બનાવાશે

## અસારવા તળાવ પાછળ ૧૫.૫૭ કરોડ ખર્ચાશે: ૧૦૩ ઓક્સિજન પાર્કનું પણ રિ-ડેવલપમેન્ટ

। અમદાવાદ ।

અમદાવાદ વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે યજમાન શહેર છે. કોમનવેલ્થ ગેમ્સ પહેલાં શહેરના ગ્રીન કવરમાં વધારો કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગાર્ડન વિભાગ દ્વારા તૈયારીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. શહેરના ૧૩ કિલોમીટરના મેટ્રો રૂટ ઉપર ગાર્ડન ડેવલપ કરવાની સાથે હાલમાં વિવિધ વિસ્તારોમાં આવેલા કોર્પોરેશન હસ્તકના ઓક્સિજન પાર્ક અને ગાર્ડન રિ-ડેવલપ કરાશે. ગાર્ડન અને એસ્ટેટ વિભાગના અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા અગાઉ વીકલી રિવ્યુ બેઠકમાં મેટ્રોના રૂટ ઉપર ગ્રીન કવર એરિયા વધારવા અંગે બેથી ત્રણ વખત સૂચના આપવામાં આવી હતી. મેટ્રો પિલર્સ અને બ્રિજ નીચે આશરે ૧૩ કિલોમીટરમાં અર્બન ડિઝાઈન સાથેના ગાર્ડન ડેવલપ કરી તેના દસ વર્ષ સુધીના ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી કરવા માંગતા બિડરો પાસેથી ઓફર મંગાવવામાં આવી છે. જે બિડરને વર્ક ઓર્ડર આપવામાં આવશે તેને જાહેરાતના હક આપવામાં આવશે.

**અસારવા તળાવનું ૧૫.૫૭ કરોડના ખર્ચે રિ-ડેવલપમેન્ટ કરાશે ।** શહેરના વિવિધ વોર્ડ વિસ્તારોમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના તળાવોના બ્યુટિફિકેશન અને રિ-ડેવલપમેન્ટના આયોજનો પણ હાથ પર લેવામાં આવી રહ્યાં છે. અસારવા તળાવ અને તેની આસપાસના ગાર્ડનને રિ-ડેવલપ કરવા રૂપિયા ૧૫.૫૭ કરોડનું ટેન્ડર કરવામાં આવ્યું છે.

**નવા ગાર્ડન ડેવલપમેન્ટ તથા અન્ય માટે કેટલો ખર્ચ** (કરોડમાં)

| | |
|---|---|
| ઈસ્ટ | 19.31 |
| નોર્થ-વેસ્ટ | 4.40 |
| સાઉથ | 1.57 |
| મધ્ય | 1.46 |

**શહેરમાં સ્થિત ૧૦૩ ઓક્સિજન પાર્ક રિ-ડેવલપ કરી મેઇન્ટેન કરાશે**

અમદાવાદના સાત ઝોનમાં ૧૦૩ ઓક્સિજન પાર્ક આવેલા છે. આ તમામ ઓક્સિજન પાર્ક રિ-ડેવલપ કરી મેઇન્ટેન કરવા પાછળ કોર્પોરેશનની તિજોરી ખુલ્લી મુકાશે એમ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.